सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૩/૧૦/૨૦૨૩ | | |
| રજીસ્ટર તારીખ: | ૦૩/૧૦/૨૦૨૩ | | |
| નિકાલ તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| **સમય અવધિ:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૨** | **૦૫** | **૦૯** |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## દેવભુમિ દ્વારકા જિલ્લાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**રે.દિ.મુ. કેસ નં. ૧૪૧/૨૦૨૩.**

**આંક:–**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ, નાયબ ઈજનેર શ્રી,
ટાઉન સબ ડીવીઝન,
મુ. ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા. **.........વાદી.**

**વિરુધ્ધ.**

**ગુજ. પ્રવિણભાઈ કારૂભાઈ ગઢવીના વારસદાર,**
**ધમા રામીબેન પ્રવિણભાઈ ગઢવી,**
ઉ.વ.આ.પુખ્ત,
મુળ હે. રંગીલા હનુમાન પાસે, ફાટક ઉતરતા,સલાયા રોડ,
તા. ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા **.......પ્રતિવાદી.**

| | |
|---|---|
| **બાબત** | **લેણી રકમ રૂા.૧,૮૦,૮૬૬–૭૪ પૈસા વસુલ મળવા અંગેનો દાવો** |

| | |
|---|---|
| વાદી તરફે | વિ.વ.શ્રી કે.ડી.વડગામા |
| પ્રતિવાદી તરફે | વિ.વ.શ્રી કે.એમ.નિમાવત |

## :-ચુકાદો:-

(૧) આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) એ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ એકટ-૨૦૦૩ તળે કાયદાથી રચાયેલી સંસ્થા છે. જેની પેટા કચેરી દેવભુમી ધ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના ખંભાળીયા મુકામે આવેલ છે. આ દાવામાં સહી, એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે અને તેના ધ્વારા વાદી કંપનીની પેટા કચેરીનું સંચાલન કરવામાં આવે છે. જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનિટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો, વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદી ખંભાળીયા તાલુકાના ખંભાળીયા મુકામે રહે છે અને ખંભાળીયા ટાઉન સબ-ડિવીઝનની અંદર આવે છે. તેઓ જયારે ખંભાળીયા મુકામે ઉપરોકત વિસ્તારમાં રહેતા હતા ત્યારે તેઓ વાદી કંપનીના ગ્રાહક ન હતા કે કોઈપણ જાતનું કાયદેસરનું વિજ કનેકશન ધરાવતા ન હતા. ગઈ તા. ૦૫/૧૦/૨૦૨૧ના રોજ વાદી કંપનીના જવાબદાર અધિકારી-કર્મચારીઓ ધ્વારા પ્રતિવાદી જયારે ખંભાળીયા મુકામે ઉપરોકત વિસ્તારમાં વસવાટ કરતા હતા ત્યારે પ્રતિવાદીની હાજરીમાં ચેકીંગ કરવામાં આવતા તેઓના રહેણાંક મકાનમાં વાદી કંપનીનું કોઈ વિજ કનેકશન આવેલ ન હતુ કે વિજ મીટર જોવા મળેલ ન હતુ કે તેઓ કાયદેસરનું કોઈ જ વિજ કનેકશન ધરાવતા ન હતા તેમ છતાં પ્રતિવાદીએ તેના રહેણાંક મકાન પાસેથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણના વિજલાઈનના પોલ પર આવેલ વિજ વાયર સાથે પીળા કલરના પ્રાઈવેટ સર્વીસ વાયરને વાદી કંપનીની રજા પરવાનગી લીધા વગર

આ લાઈન સાથે જોડી તેનો બીજો છેડો પોતાના રહેણાંક મકાનમાં લઈ ગેરકાયદેસર રીતે લીધેલ વીજ જોડાણ મારફતે અલગ અલગ ઉપકરણમાં જોડી ૩,૪૨૦ વોટની વીજ ચોરી કરી રહયા હતા.જેથી પ્રતિવાદીની હાજરીમાં વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા સ્થળ પર જ રફ નકશા સહિતનું રોજકામ તથા સીંગઈ ફેઈઝ મીટર ચેકીંગ અહેવાલ તૈયાર કરવામાં આવેલ અને ૩૦ મીટર લંબાઈનો સર્વીસ વાયર કબજે લઈ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ. પ્રતિવાદીએ કરેલ વીજ ચોરી સબંધે ધી–ઈલેકટ્રીકટ એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ તળે ગણતરીઓ કરી સપ્લીમેન્ટ્રી બીલ તૈયાર કરવામાં આવેલ જે રૂા.૧,૩૨,૯૪૨–૪૫/– પૈસા તથા કમ્પાઉન્ડીંગ ચાર્જના રૂા. ૪૦૦૦/– મળી કુલ રૂા. ૧,૩૬,૯૪૨–૪૫/– પૈસાનું બીલ પ્રતિવાદીને વાદી કંપનીએ નોટિસ સાથે તેમના સરનામે મોકલવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ ચોરીના બિલની લેણી રકમ ભરપાઈ ન કરતાં પ્રતિવાદી વિરુધ્ધ પાવર ચોરી અંગેની વીજ ફરિયાદ પણ કરવામાં આવેલી(જે ફરિયાદ અંગેના સ્પે.ઈલે.કેસ.નં.૫૧/૨૦૨૨, નામદારશ્રી દેવભૂમિ ધ્વારકા જિલ્લાના મહે.સ્પે.અને સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં ચાલી જતા તા.૦૬/૦૫/૨૦૨૩ ના હુકમ મુજબ પ્રતિવાદી એટલે કે તે કામના આરોપીને તકસીરવાન ઠરાવી નામદાર અદાલતે ત્રણ વર્ષની સાદી કેદની સજા અને વીજ બીલની રકમ રૂા.૧,૩૨,૯૪૨/– ના ત્રણ ગણાનો દંડ ભરવા અને ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે.) તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનનીના વીજ ચોરીના બીલની રકમ ભરપાઈ કરેલ નથી. વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર (બુકસ ઓફ એકાઉન્ટ) માં વ્યવસાયનાં ક્રમમાં નિયુકત કરેલ હિસાબી કામકાજનાં નિષ્ણાંતો ધ્વારા નિયમિત રીતે લેણાનાં હિસાબો વ્યવસાયિક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે સદરહુ

હિસાબી ચોપડામાં પ્રતિવાદી પાસેથી રૂા. ૧,૮૦,૮૬૬–૭૪ પૈસા વાદી સંસ્થાની લેણી રકમ બાકી નીકળે છે. જે વસૂલ કરવા વાદી સંસ્થા જવાબદાર તથા ફરજબધ્ધ થયેલ છે. મજકુર રકમ વસુલ કરવા માટે વાદી સંસ્થાની પ્રતિવાદીને નોટીસ પણ આપેલ છે તેમ છતાં પ્રતિવાદીએ મજકુર રકમ વાદી સંસ્થાને આજ દિવસ સુધી ચુકવેલ નથી અને બેદરકારી તેમજ ઉપેક્ષાવૃતિ દાખવેલ છે. જેથી હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. પ્રતિવાદી ઉપરોકત વિગતે દર્શાવ્યા મુજબ વિજ ચોરી કરતાં તા. ૦૫/૧૦/૨૦૨૧ નાં રોજ પકડાતાં જે વીજચોરી અંગેનું બીલ પ્રતિવાદીને આપતાં ત્યારથી તેમજ તે બીલ અંગે નોટિસ આપવા છતાં પ્રતિવાદીએ નાણાં વસૂલ આપવા કોઈ દરકાર લીધેલ નહીં. માટે આ કામના વાદીએ હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ રૂા. ૧,૮૦,૮૬૬–૭૪/– પૈસા અંકે રૂપિયા એક લાખ એંસી હજાર આઠસો છાસઠ અને ચુમોતેર પૈસા પુરા પ્રતિવાદી પાસેથી વસૂલ અપાવવા. તથા આ દાવાની તા. થી મજકુર રકમ પ્રતિવાદી પાસેથી વસુલ ન થાય ત્યાં સુધી આ દાવાની રકમ ઉપર વિલંબિત (ડીલે પેમેન્ટ) ચાર્જ તરીકે વાર્ષિક ૧૮% લેખે વ્યાજ અપાવવા તથા દાવાનાં ગુણદોષ તથા પડેલ પુરાવાના આધારે તથા કાયદો શુધ્ધ ન્યાય અને ઈકવીટીનાં ધોરણે બીજી જે જે દાદો આપી કે અપાવી શકાય તે તમામ વાદીને અપાવવા તથા આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાાસેથી અપાવવા તથા આ દાવાનો ફેંસલો તથા હુકમનામું વાદીની તરફેણમાં તથા પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે.

(૨) પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતા પ્રતિવાદીએ આંક–૧૦ થી વાદીની દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો કાયદેસરનો કે શુધ્ધબુધ્ધિપૂર્વકનો ન

હોય જેથી રદ થવા પાત્ર છે. વાદીની દાવાની હકીકતે વાદીને હાલનો દાવો લાવવા કોઈ સ્ટેચ્યુટરી બોડી તરફથી કોઈ કાયદેસર હકક કે અધિકાર આપવામાં આવેલ ન હોય, હાલનો દાવો લાવવા વાદીને અધિકાર ન હોવાનું ઠરાવી આપવા અને વાદીનો દાવો ડિસમીસ કરવા અરજ કરેલ છે. તેઓ પ્રતિવાદીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને જે સંબંધે તેઓ પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરેલ છે અને જે હાલ પેન્ડીંગ છે. આ કામના વાદીએ તેઓ વિરુધ્ધ કામગીરી બતાવવા પાવરચોરી સંબંધેના ચેકીંગની ખોટી કાર્યવાહી ઉભી કરી પાવર ચોરી કરતા હોવાનું જણાવી ખોટી ફોજદારી ફરિયાદ આપી હાલનો ખોટો કેસ ઉભો કરેલ હોય અને જે ખોટી કાર્યવાહી આધારે ખોટી નોટીસો ઉભી કરી ખોટી રીતે લેણી રકમ સંબંધે હાલનો દાવો લાવેલ હોય જે દાવો દેખીતી રીતે ટકવાપાત્ર ન હોય, વાદીનો દાવો નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) ત્યારબાદ વાદી તરફે આંક-૧૫ થી પ્રતિવાદીનું અવસાન થતા વારસો જોડવા બાબતની અરજી કરેલ છે અને તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ વાદીની વારસો જોડવા બાબતની અરજી મંજુર કરી, આંક-૧ તળે હુકમ કરી પ્રતિવાદી નં.૧/૧ ને હાલના દાવાના કામે વારસદાર તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ પ્રતિવાદી નં.૧/૧ ને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતા પ્રતિવાદી નં.૧/૧ ને નોટીસ કરતા તેઓ વકીલશ્રી મારફતે હાજર થયેલ નહી અને તે સંજોગોમાં પ્રતિવાદી વિરૂધ્ધ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ કેસની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) આ કામે વાદી તરફે સાહેદ શ્રી પ્રિયંક ભરતભાઈ પંડયાનું સરતપાસનું સોગંદનામુ આંક-૧૮ થી રજૂ કરેલ છે. તેમાં તેઓએ દાવા મુજબની હકીકતોનો સ્વીકાર કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

(૬) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારોના આધારે મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આંક–૧૧ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે :–

**–:: મુદ્દા ::–**

(૧) Whether the plaintiff proves that he is entitled to recover Rs.1,80,866.74/- Ps. from defendant ?

(૨) Whether the defendant proves his defence ?

(૩) Whether the plaintiff is entitled to get interest ? if yes, at what rate ?

(૪) What Order and Decree ?

(૭) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે :–

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) અંશત: હકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

(૮) દાવાના કામે વાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે:–

**(અ) વાદી તરફે રજુ મૌખિક પુરાવા**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી તરફે સાહેદ પ્રિયંક ભરતભાઈ પંડયાનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું | ૧૮ |

**(બ) વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થળ પરના રોજકામની ખરી નકલ | ૨૩ |

| | | |
|---|---|---|
| ૨. | સ્થળપરના રફ નકશાની ખરી નકલ | ૨૪ |
| ૩. | સીંગલ ફેઝ મીટર ટેસ્ટીંગ રીપોર્ટની ખરી નકલ | ૨૫ |
| ૪. | એનેક્ષર–૪ ની ખરી નકલ | ૨૬ |
| ૫. | માલ–સામાન જમા કરેલ અંગેનો ગેટપાસની ખરી નકલ | ૨૭ |
| ૬. | એનેક્ષર–સી (ગણતરી પત્રક) ની સ્થળપ્રત–અસલ | ૨૮ |
| ૭. | પાવરચોરીના પુરવણી બીલ સાથે મોકલેલ પરિશિષ્ટ જી ના પત્ર/નોટિસની અસલ | ૨૯ |
| ૮. | વીજળી અધિ.–૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળના બીલની સ્થળપ્રત– અસલ | ૩૦ |
| ૯. | કંમ્પાઉન્ડીંગ ચાર્જના બીલની સ્થળપ્રત અસલ સહી સાથે | ૩૧ |
| ૧૦. | લીગલ નોટિસની સ્થળપ્રત | ૩૨ |
| ૧૧. | રજી. નોટિસો મળી ગયા બાદ પરત આવેલ એકનોલોઝમેન્ટ–અસલ | ૩૩ |
| ૧૨. | પ્રતિવાદી વિરુઘ્ધ કરવામાં આવેલ પોલીસ ફરિયાદની સ્થળપ્રત અસલ સહી સાથે | ૩૪ |
| ૧૩. | એફ.આઈ.આર | ૩૫ |
| ૧૪. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ | ૩૬ |
| ૧૫. | દાવાની રકમનું ગણતરી પત્રક–અસલ | ૩૭ |
| ૧૬. | બીન ગ્રહકનાવ્યાજની ગણતરીનું પત્રક | ૩૮ |
| ૧૭. | પ્રફોર્મા–૧૨ અસલ | ૩૯ |

| | | |
|---|---|---|
| ૧૮. | દાવો દાખલ માંગેલ મંજુરી (પ્રપોઝલ) નો પત્ર | ૪૦ |
| ૧૯. | દાવો દાખલ કરવા આપેલ મંજુરી (એપ્રુવલ) | ૪૧ |
| ૨૦. | ભારતીય પુરાવા અધિ. ની કલમ–૬૫–બી મુજબનું સર્ટીફિકેટ અસલ | ૪૨ |

ત્યારબાદ આ કામે આંક–૪૩ થી વાદી તરફે કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે.

(૯) વાદી તરફે તેમના વિ.વ.શ્રીએ તેમની દાવા અરજી, દસ્તાવેજો તથા સરતપાસના સોગંદનામા મુજબની દલીલો કરી દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

## ::કારણો::

(૧૦) દાવાના કામે ઘડવામાં આવેલ મુદ્દાના જવાબના મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ સબબ :–**

(૧૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે જેઓએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનું સોગંદનામું આકં–૧૮ થી રજુ રાખી દાવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવો ઘ્યાને લેતા ચેકીંગ, વીજ ચોરી, તથા સ્થળ પર કરેલ કાર્યવાહી અને બાદમાં વીજચોરી અનુસંધાને કરેલ કાર્યવાહીને સમર્થન મળે છે. આંક–૧૮ ના સાહેદના સાથી કર્મચારીઓ ચેકીંગમાં હતા અને પ્રતિવાદી ઘ્વારા કરવામાં આવતી વીજ ચોરી પકડેલ અને તે અનુસંધાને વીજચોરી અંગેની જરૂરી કાર્યવાહી પ્રતિવાદીની હાજરીમાં કરેલાનું સ્પષ્ટપણે ફલિત થાય છે યાને કે વાદી તરફે રજુ સાહેદને દાવામાં જણાવેલ વીજ ચોરીવાળા બનાવની જાણકારી હોવાનું

સ્પષ્ટપણે ફલિત થાય છે. સદર દાવાનું કામ તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ પ્રતિવાદી નં.૧/૧ વિરુધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ હોય તથા પ્રતિવાદી નં.૧/૧ ગેરહાજર રહેલા હોય તેમના તરફે વાદીની કોઈ ઉલટતપાસ નથી. તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકિકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા ન હોવા છતાં તેમના રહેણાંક મકાન પાસેથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણના વીજલાઈનના પોલ પર આવેલ વીજ વાયર સાથે પીળા કલરના પ્રાઈવેટ સર્વીસ વાયરને વાદી કંપનીની રજા પરવાનગી લીધા વગર આ લાઈન સાથે જોડી તેનો બીજો છેડો પોતાના રહેણાંક મકાનમાં લઈ ગેરકાયદેસર રીતે લીધેલ વીજ જોડાણ મારફતે વિવિધ ઉપકરણો મારફતે કુલ ૨,૩૦૯ વોટની ડાયરેકટ વીજ ચોરી કરતા માલુમ પડેલ તેમ કરીને પ્રતિવાદ ધ્વારા વીજ ચોરી કરતા પકડાયેલ છે અને ચેકીંગ દરમ્યાન સ્થળ પર પ્રતિવાદી મળી આવેલ જેઓએ સ્વેચ્છાએ પોતાની સહી સહમતિ દર્શાવીને કરી આપેલ છે. વધુમાં વાદી તરફે સાહેદના પુરાવાથી રજુ દસ્તાવેજોને સમર્થન મળેલ છે. વાદી તરફે વાદી તરફે આંક–૨૫ થી સિંગલ ફેઈઝ મીટર તપાસણી અહેવાલ–અસલ, આંક–૨૬ થી એનેક્ષર–૪, આંક–૨૭ થી માલ–સામાન જમા ગેટપાસ, આંક–૨૮ થી એનેક્ષર–સી, આંક–૩૩ થી પુરવણી બીલ પત્ર, આંક– ૩૪ થી ફરિયાદ, આંક–૩૫ થી એફ.આઈ.આર, આંક–૩૧ થી કમ્પાઉન્ડીંગ ચાર્જના બીલની સ્થળપ્રત, આંક–૩૬ થી ડી.પી.સી કેલ્કયુલેશન શીટ, આંક–૩૭ થી દાવાની રકમની ગણતરી પત્રક, આંક–૩૯ થી પ્રફોર્મા–૧૨, આંક–૪૦ થી દાવો દાખલ કરવાની પરવાનગી પત્ર વિગેરે દસ્તાવેજો રજૂ થયેલ છે. આ દસ્તાવેજો વંચાણે લેતા તેમા પ્રતિવાદીનું નામ સરનામું બતાવેલ છે અને આ

દસ્તાવેજોમા પ્રતિવાદીએ અનધિકૃત રીતે વીજ વપરાશ કરતા પકડાયેલ છે અને સામાન કબજે કરવામા આવેલ છે અને આ કાર્યવાહી પ્રતિવાદીની હાજરીમાં કરાવામા આવેલ છે. આમ આ દસ્તાવેજો વંચાણે લેતા પ્રતિવાદી અનઅધિકૃત રીતે વીજ વપરાશ કરતા પકડાયેલ છે અને તે વીજ વપરાશની લેણી નીકળતી રકમની માગણી માટે પ્રતિવાદીની આંક–૩૧ અને ૩૨ થી કાયદેસરની નોટિસ મોકલવામા આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ વાદીનું અનઅધિકૃત વીજ વપરાશ બીલ ચૂકવી આપેલ ન હોવાનું પુરવાર થાય છે. **જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં.૨ સબબ :–</u>**

(૧૨) મુદ્દા નં.૨ એવા પ્રકારનો છે કે શું પ્રતિવાદી તેમનો બચાવ કરવામાં સફળ રહેલ છે? પરંતુ જયારે આ કામે પ્રતિવાદી નં.૧/૧ તરફે એકતરફી કામ ચલાવવાનો હુકમ થયેલ હોય, પ્રતિવાદીએ હાજર રહી પોતાના બચાવમાં કોઈ મૌખિક, લેખિત પુરાવો કે દસ્તાવેજો રજુ કરેલ નથી. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે ખુદ પ્રતિવાદી ધ્વારા જ પોતાના બચાવ માટે હાજર રહી કોઈ કાર્યવાહી કરેલ ન હોય ત્યારે અને તેવા સંજોગોમાં પ્રતિવાદી તેમનો બચાવ કરી શકેલ હોય તે માનવાને કોઈ કારણ નથી. જેથી આ કામના પ્રતિવાદી પોતાનો બચાવ કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચા :–</u>**

(૧૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૮ ટકાના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વધુમાં વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી તે સંજોગોમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે. અને તે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર વ્યાજ સબબ

હકકદાર ઠરાવવા ન્યાયોચીત જણાય છે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૮ ટકાના દરે વ્યાજ અતિશયોકિતભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો, ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી વીજ ચોરીની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં **મુદ્દા નંબર : ૩ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી વાદી દાવાની તારીખથી વાર્ષિક ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.**

(૧૪) આ કામે વાદી તરફે વીજ ચોરીનુ બીલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાથી વાદી સંસ્થાને પ્રતિવાદી પાસે લેણુ હોવાનું ફલિત થાય છે જે સંજોગોમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસે સપ્લીમેન્ટરી બીલ મુજબની રકમ મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. તેમજ વાદી સંસ્થા ધ્વારા લેણી રકમ પર ૧૮ ટકા વ્યાજ સહિત હાલનો દાવો દાખલ કરેલ હોય અને વાદી ૧૮ ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર જણાયેલ ન હોય, તે સંજોગોમાં વાદી દાવામાં માંગ્યા મુજબની વીજ ચોરીની રકમ ૬ ટકાના દરે વ્યાજ સહિત મેળવવા હકકદાર હોવાનુ સાબિત કરવામાં અંશત: સફળ રહેલ હોય **મુદ્દા નંબર : ૪ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે:–**

## –:: આખરી હુકમ ::–

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ રૂા.૧,૮૦,૮૬૬–૭૪/– પૈસા વાર્ષિક ૬ ટકાના દરે સાદા વ્યાજે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનો તથા વાદી સંસ્થાના દાવાનો ખર્ચ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

**હુકમ આજરોજ તારીખ–૧૨મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરી જાહેર કર્યો.**

**ખંભાળીયા**
**તા. ૧૨/૦૩/૨૦૨૬**

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**કોડ નં. GJ00979**